# સમ્બન્ધો વગરનું સહજીવન

– હીરલ શાહ

વીશ્વનું એક અદ્યતન શહેર લંડન. લગ્ન કરીને અહીં આવ્યે મને બે વર્ષ થઈ ગયાં છે. ઑફીસમાં ત્યાંની સખીઓ સાથે સારી એવી મૈત્રી બંધાઈ ગઈ છે. એક દીવસ સવારે ઑફીસ પહોંચીને હું મારું કામ શરુ કરી રહી હતી ત્યાં જ કેથરીન મારી ખુરશી પાસે આવી. અમે વાતોએ વળગ્યાં. વાત વાતમાં તેણે મને કહ્યું કે લગ્ન પહેલાં તેને કોઈ છોકરા સાથે પ્રેમ હતો. એક આખો દાયકો તેણે પોતાના પ્રેમી સાથે વીતાવ્યો; પણ અંતે તે તેને છોડીને કોઈ અન્ય છોકરી સાથે પરણી ગયો. આજે આટલાં વર્ષો પછી પણ હું તેને ભુલી શકી નથી. એમ કહીને કેથરીન મૌન થઈ ગઈ.

થોડીક વાર રહીને તે મારી સામે જોઈને બોલી, 'હીરલ, તમે લોકો કેટલાં નસીબદાર છો ! તમે યોગ્ય ઉમ્મરે લગ્ન કરો છો. તમને પતી અને કુટુમ્બ સાથેની સલામત જીન્દગી મળે છે અને તમે આખું જીવન સ્વસ્થ અને સંતુલીત રીતે જીવો છો. અમારું તો સમ્બન્ધો વગરનું સહજીવન હોય છે.' પોતાની કેબીન તરફ જતાં તે મારો હાથ એના હાથમાં લઈને બોલી, 'મારો બીજો જન્મ હું ભારતમાં ઈચ્છું છું….' મેં ધ્યાનથી જોયું તો કેથરીનની આંખોમાં આંસુ હતાં.

કેથરીન સાથેના આ ક્ષણીક વાર્તાલાપે મારા ચીત્તને ઉથલપાથલ કરી નાખ્યું. હું એકદમ અવાક્ થઈ ગઈ! મારી આંખ સામે મારા ભુતકાળના અનુભવો તરવરી ઉઠ્યા અને વીચારોના પ્રદેશમાં વીહરતાં હું સીધી બૅંગ્લોર જઈ પહોંચી. હજુ મારી કારકીર્દીના શરુઆતનાં એ વર્ષો હતાં. મારી મહત્ત્વાકાંક્ષા લગ્ન પહેલાં કોઈ મલ્ટીનેશનલ કંપનીમાં સારી જોબ લેવાની અને ઉંચા પગારને આંબવાની હતી અને તેવામાં મને બૅંગલોરની એક કંપનીની ઑફર મળી. દેશના કોઈ પણ ખુણે જવાની મારી માનસીક તૈયારી હતી જ. એટલે જીવનમાં પહેલીવાર હું મારું શહેર છોડીને બૅંગ્લોર જઈ પહોંચી. મારે માટે આ સાવ નવી દુનીયા હતી. આંખોમાં કેટલાંય સપનાં આંજીને જીવનમાં આગળ વધવાનું હતું. નક્કી કરેલા ધ્યેયને પહોંચી વળવા દીવસ-રાત મહેનત કરવાની હતી. પરન્તુ ત્યાં તો શરુઆતના દીવસોમાં મારે ભારે આશ્ચર્યજનક અનુભવોમાંથી પસાર થવાનું થયું !

વાત એમ બની હતી કે મેં મારી એક સખી સાથે બૅંગ્લોરમાં રુમ ભાડે રાખીને રહેવાનું શરુ કર્યું. હજી માંડ બે-ત્રણ મહીના થયા હશે ત્યાં મારી એ સખીની બીજા શહેરમાં બદલી થઈ. હું

એકલી પડી. ઘરનું ભાડું પરવડે એ માટે, હવે મારે કોઈક બીજી રુમ-પાર્ટનર શોધવાની જરુરીયાત ઉભી થઈ. મારા મનમાં એમ હતું કે મારી જેમ જ જૉબ કરતી કોઈ ગુજરાતી યુવતી મને મળી જાય તો ઘણું સારું. અહીં નવી જગ્યાએ એકબીજાનો સાથ પણ રહે અને સાથે રહેવાનો આનંદ પણ મળે. મોટા શહેરોમાં ઘણા લોકો આ રીતે ભાડે રહીને નોકરી કરતા હોય છે. હું મારા જેવી કોઈ યુવતીની શોધમાં હતી. ત્યાં એક જણે મને એક જાણીતી વેબસાઈટનું સરનામું આપ્યું અને કહ્યું કે આ વેબસાઈટ પરથી તને ભાડે મકાન શોધનાર કોઈક મળી રહેશે. મેં એ વેબસાઈટ પર મારા ફોન નંબર સહીત જાહેરાત મુકી અને મારા આશ્ચર્ય વચ્ચે મને 'લીવ-ઈન રીલેશન' ઑફર કરતા યુવકોના ફોન આવવાના શરુ થયા. હું તો હતપ્રભ થઈ ગઈ ! શું કરવું એ મને સમજાયું નહીં. પહેલાં તો એકદમ રડવા જેવી થઈ ગઈ અને પોતાને ની:સહાય અનુભવવા લાગી. ઘરે પરીવારજનો ચીન્તા કરે તેથી તેમને કંઈ જણાવ્યું નહીં. જીવનમાં પહેલીવાર એવું બન્યું કે હું એકલતા મહેસુસ કરતી હતી. જો કે પરીવારજનો સૌ મને મદદરુપ થાય તેમ હતાં; પરંતુ તે છતાં હું તેમને શું કહું અને કેવી રીતે કહું તે મને કંઈ સમજાયું નહીં. છેવટે નક્કી કર્યું કે આ સમસ્યાનો મારે એકલે હાથે જ સામનો કરવો પડશે. મેં મક્કમ બનીને યુવકોના ફોન અવગણવાનું શરુ કર્યું.

ફોન કરનાર યુવકો બહુ ચાલાક હતા. ખુબ ઠાવકાઈથી પોતાનો પરીચય આપીને મને પુછતાં કે, તેઓ પોતાની બહેન માટે રહેવાની જગ્યા શોધી રહ્યા છે અને એમની બહેનને ફલાણી કંપનીમાંથી ઑફર મળી છે તો તેઓ આ ઘર જોવા આવી શકે ? ગમે તેમ કરીને તેઓને મારા સુધી પહોંચવું હતું. આ પ્રકારના સંવાદો મારી કલ્પના બહારના હતા. મારે તેમને જણાવવું પડતું કે હું તમારી બહેન સાથે જ વાત કરી લઈશ. એમાં વળી એક છોકરો તો બહુ હોશીયાર હતો. એણે ફોન કરીને મને ગુજરાતીમાં વાત કરતાં કહ્યું કે, 'કેમ ઓળખાણ પડે છે? ઘરે બધા કેમ છે?' એ પોતાને મારો જુનો મીત્ર માનતો હતો. પોતાનો પરીચય આપીને એણે પોતાની કંપનીની, પગારની, ઈન્ટરવ્યુની વગેરે વાતો ચાલુ કરી; પરંતુ મને હજી તેની કોઈ ઓળખાણ પડતી નહોતી. એટલે હું તો ત્યાં જ અટકી હતી. મેં તેને ફરીવાર જરા કડક અવાજે પુછ્યું, ત્યારે તે બોલ્યો કે તે મારી સાથે રહેવામાં રસ ધરાવે છે. વાત સાંભળતાં જ મારો મીજાજ ગયો અને મેં તેને ધમકાવીને કહ્યું કે જો હવે ફોન કરવાની હીંમત કરશે તો એની કંપનીમાં હું જાણ કરી દઈશ. વધુ કંઈ પણ વાત કર્યા વગર મેં ફોન કાપી નાંખ્યો. એ પછી તો મારી જેમ બીજી અનેક યુવતીઓ આ સમસ્યાનો ભોગ

બની હશે, તેથી સૌએ મળીને એ વેબસાઈટને ફરીયાદ કરી અને તે લોકોએ અમારી અંગત વીગતોને ખાનગી રાખવાની સુવીધા કરી આપી.

જીવનના આ અનુભવે મને વીચાર કરતાં કરી દીધી. કારણ કે આ પ્રકારના સંબંધો માટે જે છોકરાઓના ફોન આવતા હતા, એ બધાં કોઈ રસ્તે રખડતા છોકરાઓ નહોતા. બધા જ લોકો મોટે ભાગે સારાં સંસ્કારી ઘરોમાંથી આવતા હતા. મલ્ટીનેશનલ કંપનીઓમાં મોટા પગાર પર કામ કરતા હતા; પરંતુ તેઓ કોઈ લગ્નની જવાબદારી સ્વીકારવા તૈયાર નહોતા. મેં ફરીવાર એ વેબસાઈટ જોઈ ત્યારે મારા ધ્યાનમાં આવ્યું કે અધધધ... કહી શકાય એટલી 'લીવ-ઈન રીલેશન'ની જાહેરાતો હતી. સૌને સમ્બન્ધો વગરનું સહજીવન જોઈતું હતું. એમાં તેઓને કંઈ પણ અજુગતું નહોતું લાગતું. કેટલાકે તો એવી જાહેરાતોમાં વળી એમ પણ લખ્યું હતું કે 'યુવતીએ ભાડું આપવાનું રહેશે નહીં. બસ, એ જૉબ કરતી હોવી જોઈએ અને દેખાવે સારી હોવી જોઈએ.' અરેરે....! ક્યાં ભારતનું આપણું યુવાધન અને ભારતીય સંસ્કૃતીની વાતો અને ક્યાં આ વીકૃતીથી ખદબદતો સમાજ ! આપણે આવા ભણેલા ? ભણતરે આપણને આ મુક્ત સાહચર્ય શીખવ્યું ?

મારો પ્રશ્ન તો હજી ઉભો જ હતો. એ પછી મને વીચાર આવ્યો કે હું કોઈ પેઈંગ-ગેસ્ટ બહેનને શોધી કાઢું અને એમને ત્યાં રહેવા જતી રહું. પરન્તુ એ મારે માટે શક્ય નહોતું; કારણ કે મને રસોડામાં પુરી આઝાદી જોઈતી હતી અને ત્યાં તો શાકાહારી-માંસાહારી બધું ભેગું ચાલતું હતું ! વળી, મારે મારા માતાપીતાને દક્ષીણ ભારતની સફર પણ કરાવવી હતી. ક્યારેક તેઓ મારી સાથે આવીને રહે તેવી પણ મારી ઈચ્છા હતી. કોઈક કુટુમ્બીજનને પણ આવીને રહેવું હોય તો ભાડાનું ઘર જ સારું એથી મેં પેઈંગ-ગેસ્ટનો વીચાર માંડી વાળ્યો. છેવટે ખુબ મહેનત પછી તપાસ કરતાં એક સરળ અને સાલસ છોકરી મને મળી. તે મારી ખુબ સારી મીત્ર બની ગઈ અને અમે સાથે રહેવા લાગ્યાં. ધીમે ધીમે બૅંગ્લોરમાં રહીને હું ઘણું બધું શીખી ગઈ. કોની સાથે કેટલી વાત કરવી, કેવી રીતે વાત કરવી, માણસોની પરખ કેવી રીતે કરવી તેની ચાવીઓ મને સમજાવા લાગી. પરન્તુ જેમ જેમ મારું મીત્રવર્તુળ વધતું ગયું તેમ તેમ અનેક સખીઓ પાસેથી 'લીવ-ઈન રીલેશન'ના ગજબના કીસ્સાઓ સાંભળવા મળ્યા. તેમના વર્તમાન જીવનમાં જરાક ડોકીયું કર્યું, તો એમનાં દુ:ખ, દર્દ, બીનસલામત જીન્દગી અને તેમની ભુતકાળની વાતો જાણવા મળી.

મારી એક બહેનપણી ભણવામાં ખુબ હોશીયાર હતી; પણ તે એવા કુટુમ્બમાંથી આવતી હતી કે જ્યાં છોકરીનો જન્મ ગુનો ગણાતો ! કુટુમ્બમાં તો છોકરો જ જન્મવો જોઈએ એવી માન્યતા

હતી. એ છોકરી આ પ્રકારના માહોલમાં, અપમાનનાં ઘુંટડા પીને મોટી થયેલી. તેથી સ્વાભાવીક રીતે જ તે પ્રેમ કે હુંફ માટે તરસતી રહેતી. કૉલેજકાળ દરમીયાન તેને એક યુવક સાથે પ્રેમ થયો અને ત્યારબાદ આ પ્રેમ ઝંખતી છોકરી તે યુવક સાથે 'લીવ-ઈન રીલેશન'માં રહેવા લાગી. થોડો વખત બધું ઠીક ચાલ્યું; પણ પછી ઝઘડા થવા લાગ્યા. છોકરો વારંવાર લગ્ન નહીં કરવાની ધમકી આપીને સમ્બન્ધ તોડી નાખતો. ઘણાં વર્ષો પછી એ લોકોએ હવે લગ્ન કર્યાં; પરન્તુ સમ્બન્ધ વગરના સહજીવનમાં લાંબો સમય રહ્યા બાદ, લગ્ન કરવા માટે આમ કાલાવાલા કરવા પડે, પ્રેમ અને હુંફ મેળવવા માટે તડપતાં રહેવું પડે, એવી જીન્દગીનો શો અર્થ ? એવા સમ્બન્ધો કેટલા ટકાઉ ? આ પ્રકારની યુવતીઓને અનેક માનસીક પીડામાંથી પસાર થવું પડે છે.

અમારા જ વીસ્તારમાં, એક પેઈંગ-ગેસ્ટ તરીકે કામ કરતાં બહેનની બાજુના ઘરમાં, એક યુગલ આ રીતે રહેતું હતું. એ યુવતી પણ ખુબ દુ:ખી હતી. તે ગર્ભવતી હતી અને એ દરમીયાન મકાનમાલીકે મકાન ખાલી કરવાનું પણ કહ્યું હતું. અન્તે ન છુટકે તેઓએ લગ્ન કરવા પડેલાં; પરન્તુ આવાં થીંગડાં મારીને કરેલાં લગ્નનું આયુષ્ય કેટલું ? લગ્ન બાદ પણ દમ્પતીમાં ખુબ ઝઘડા થતા. યુવતીએ આ બાબતે કોઈ વાત પોતાના પરીવારજનોને કહી નહોતી. તેની હાલત ખુબ દયનીય હતી.

આ જ સમય દરમીયાન મેં એક બીજો કીસ્સો પણ સાંભળેલો કે જેમાં, એક યુગલ બે–એક વર્ષ સુધી આ રીતે 'લીવ-ઈન'માં રહ્યું અને પછી હવે એ લોકો અલગ થઈ ગયાં ! કેટલું ખરાબ ! જાણે 'વાપરો અને ફેંકી દો!' છોકરાએ કહ્યું કે હવે આપણા વીચારો મળતા નથી, એટલે આપણે એકબીજાને અનુકુળ નથી; માટે તું તારે ઘરે અને હું મારે ઘરે ! વાહ ભાઈ, વાહ ! કેવી બેફીકરાઈ ! જાણે જીવન તો એક રમત છે ! એ છોકરાએ તો બીજે લગ્ન કરી લીધાં; પણ છોકરીની હાલત ખરાબ છે.

મને એક બીજો પ્રસંગ પણ યાદ આવે છે. હું અમદાવાદ કામ કરતી હતી ત્યારે એક શીખાઉ છોકરી મારી સાથે હતી. એક દીવસ તેણે તેના બૉયફ્રેન્ડ વીશે વાત કરી અને મને પુછ્યું કે તમારો બોયફ્રેન્ડ કોણ છે ? મેં જવાબમાં 'ના' કહી. ત્યારે તેણે મને કહ્યું કે 'મેંડમ, આજના જમાનામાં તો બૉયફ્રેન્ડ ના હોવો એ શરમજનક બાબત છે ! બૉયફ્રેન્ડ ના હોય તો લોકો એમ કહે કે તમારામાં કંઈક ખુટે છે !' બી.ઈ.ના છેલ્લા વર્ષમાં ભણતી એ છોકરીએ મને કહ્યું કે 'બૉયફ્રેન્ડ ના હોય તો હું મારા ગ્રુપમાં રહી જ ન શકું. એ લોકો મને બોલાવે જ નહીં !' – હું ફરી એકવાર

કહેવા માગું છું કે આ કોઈ સામાન્ય ઘરનાં છોકરા-છોકરીઓની વાત નથી. આ બધા જ કહેવાતા સંસ્કારી કુટુમ્બોમાંથી આવે છે !

હું જાણું છું કે વ્યક્તી પ્રેમ, હુંફ કે કાળજી વગર રહી નથી શકતો. માણસ, માણસનો ભુખ્યો હોય છે. હું એ પણ સમજી શકું છું કે બદલાતા જમાના સાથે, કૉલેજમાં અભ્યાસ કરતાં પરીપક્વ યુવક-યુવતીઓ 'લગ્ન કરીને' પોતાનું જીવન પોતાની રીતે જીવવા માંગે તો તે આવકારદાયક છે. પરન્તુ જ્યારે લગ્ન સંસ્થાનો જ સદન્તર છેદ ઉડાડીને જવાબદારી વગરના મુક્ત સહજીવનની વાત આવે છે, ત્યારે તે ક્યારેય સ્વીકાર્ય નથી બની શકતી. એ પ્રકારના સહજીવનમાં ક્યારેક તો દેહાકર્ષણ જ કામ કરતું હોય છે અને પછી જ્યારે ઢોળ ઉતરી જાય છે, ત્યારે ઉજ્જડ વગડા સીવાય કશું જ હાથમાં હોતું નથી.

પશ્ચીમના લોકોને આપણી લગ્ન સંસ્થા માટે ભારે માન છે અને કંઈક અંશે તેઓ તેને ધીમે ધીમે અપનાવવાની કોશીશ પણ કરી રહ્યાં છે અને આપણે ! .. આ કોનું અનુકરણ કરી રહ્યાં છે તે ખુદને પુછવું રહ્યું. આ બધી બાબતો માટે કોર્ટને નહીં; માણસે પોતાના હાર્ટને પુછીને આગળ વધવું જોઈએ. લગ્નસંસ્થા ભારતીય સંસ્કૃતીનો પાયો છે. મહાન આત્માઓને અવતરવાનો રાજમાર્ગ છે. સમાજને પુષ્ટ કરવા માટે ગૃહસ્થાશ્રમનો ધર્મ છે. લગ્નસંસ્થામાં એકબીજાને આજીવન સુખ-દુ:ખમાં સાથ આપવાનું વચન હોય છે જ્યારે 'લીવ-ઈન'માં તો – 'સુખમાં સાંભરે સોની' જેવી હાલત છે. ખરાબ સમયમાં કહેવાતા પ્રેમનું એક ક્ષણમાં બાષ્પીભવન થઈ જાય છે ! લગ્નજીવનમાં દમ્પતી પરીવાર સાથે આનન્દથી સમય વ્યતીત કરે છે, જ્યારે 'લીવ-ઈન' ક્યારેક સમય પસાર કરવાનું સાધન બની રહે છે. સ્વાભાવીક રીતે જ લગ્નબાદ પત્નીનો, પતીની સમ્પત્તી પર કાનુની અધીકાર રહે છે, જ્યારે 'લીવ-ઈન'માં જો કોઈ કાયદો ઘડાય તો પણ; એ ફક્ત કાગળનો વાઘ જ બની રહેવાનો. દામ્પત્યજીવનમાં કોઈ મતભેદ ઉભા થાય તો, દમ્પતીને પોતાના કુટુમ્બ અને સમાજનો સાથ મળે છે અને એક પ્રકારની માનસીક મદદ મળી રહે છે. જ્યારે 'લીવ-ઈન' એટલે લટકતી તલવાર! એમાં કોઈ કોઈની મદદે આવીને ઉભું રહેતું નથી. પોતાનાં સન્તાનોના સ્વસ્થ શારીરીક અને માનસીક વીકાસ માટે લગ્નસંસ્થાનો કોઈ વીકલ્પ નથી; કારણ કે સમ્બન્ધો વગરનું સહજીવન પાયાવીહોણું હોઈને ક્યો વીકાસ આપી શકશે ?

કેથરીનના શબ્દો મારા મનમાં વારંવાર ગુંજે છે કે 'મારો બીજો જન્મ હું ભારતમાં ઈચ્છું છું....'. આપણી પાસે જે હોય તેની આપણે ક્યારે કદર કરતાં શીખીશું? મોટા શહેરોમાં રહીને

મલ્ટીનેશનલ કંપનીઓમાં તગડી કમાણી કરતા આજના યુવાવર્ગને, તેમાંય ખાસ કરીને યુવતીઓને, મારી એટલી જ વીનન્તી છે કે તેઓ પોતાનાં જીવન–મુલ્યોને સાચવીને પોતના ક્ષેત્રમાં પ્રગતી કરે; કારણ કે આખરે ‘શીલ’ નામની પણ કોઈ વસ્તુ આ જગતમાં છે. સહજીવન તો સમ્બન્ધોના તાણાવાણાથી જ શોભે. આથી જ દાદા ધર્માધીકારીએ કહ્યું છે કે :

સહજીવનમાં સાથે રહેવાની ઈચ્છા છે,
સંગતીમાં જીવનનો આનંદ ને સુગંધ છે.
બાગમાં દરેક ફુલની ખુશબો હોય છે,
તેમ દરેક વ્યક્તીનીયે સૌરભ હોય છે.
સહજીવનમાં સ્ત્રીની મધુર સુગંધ છે,
પુરુષનાયે સાંનીધ્યમાં વીશેષ સૌરભ છે.
તેથી જ બેઉને સાથે રહેવાની ઉત્કંઠા છે,
સહજીવનની પ્રેરણા નૈસર્ગીક છે.
પણ, સંયોજન અને વ્યવસ્થા સાંસ્કૃતીક છે,
જેઓ એકમેકના જીવનને સમ્પન્ન કરે છે,
સુરભીત કરે છે, એમનું સહજીવન
ચરીતાર્થ થાય છે, આનંન્દમય થાય છે…

–હીરલ શાહ

(મારી પૃચ્છાના જવાબમાં લેખીકાબહેન હીરલ કહે છે : ‘ઉત્તમકાકા, આ લેખ મેં ૨૦૧૦માં લખેલો. આજે હું લંડનમાં છું. પરણી છું. મારાં બે સંતાન પણ છે. મારી આજુબાજુ અને સમગ્ર પશ્ચીમવીશ્વમાં આ ‘સમ્બન્ધ વીનાના સહજીવન’(લીવ ઈન રીલેશનશીપ)નો વ્યવહાર વાયરાની જેમ વ્યાપેલો જોઉં છું. ભારત એમાં બકાત નથી. દરેક રીતીરીવાજના જેમ કેટલાક ફાયદા હોય, તેમ ગેરફાયદા પણ હોય જ. મારા વીચારોમાં આમુલ પરીવર્તન તો નથી આવ્યું; પણ આ બદલાતા જમાનાની તાસીરને અને આવા રીવાજોનેયે, ઉદારતાથી જોવાની નજર જરુર સાંપડી છે.’ –ઉત્તમ ગજ્જર–)

સર્જકસમ્પર્ક :
Hiral Shah

Address :

(For the time being) - 17, Scott Close; Emmer Green, Reading, RG4 8NY, UK

Parmanant Res. : B-104, Green Olive Apt, Hinjewadi, Pune

Phone : 0044-7449336470 eMail - hiral.shah.91@gmail.com

Blogs : www.evidyalay.net / https://www.youtube.com/user/EVidyalay /

https://hirals.wordpress.com/

Books : મજાની શિશુકથાઓ Part-1 & 2 (with press, to be published)

♦●♦

'સન્ડે ઈ.મહેફીલ' – વર્ષ: બારમું – અંક: 369 –March 05, 2017

'ઉંઝાજોડણી'માં અક્ષરાંકન: ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com

@@@@@

Have you ever visited : http://www.gujaratilexicon.com ?

More than 3,33,12,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 72,93,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 9,07,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 5,15,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com

@@@@@@@@@